# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૭૧ • તા. ૧૯ જુલાઈથી ૨૫ જુલાઈ ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.




# સાંધવ નગરે ભવ્યાતિ ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# સુખની શોધ

સુખ એટલે શું? એની વ્યાખ્યા પ્રત્યેક વ્યક્તિના અલગ અલગ હોવાની. સૌની દ્રષ્ટિમાં સુખ એટલે શારીરિક સારું સ્વાસ્થ્ય, ભૌતિક સુખ સગવડ, ધનની રેલમછેલ. કૉક માટે સુખ એટલે રહેવા માટે પોતાનો આવગો બંગલો, તો કોઈક માટે સ્કાયસ્કેપર બિલ્ડીંગના ટોચને માળે ફ્લેટ હોવો, તો કોઈકને માટે જીંદગીભર ગુજારા માટે કાળી મજૂરી પછી પાછલી અવસ્થામાં નિરાંતનો માહોલ. આમ દરેકની દ્રષ્ટિએ સુખ પામવાની અલગ પરિસ્થિતિ અનેક કલ્પના હોવાની.

મહાનગરની ભાગ દોડ ભરી જિંદગીમાં સવારના વહેલી લોકલ ટ્રેન પકડી મોડી રાતે ઘેર પહોંચનારને ક્યારે નિરાંત માણવા મળે એ સુખની પળ પોતાની ક્યારે મળશે એની એષણા હતી. ત્યારે હાલમાં જ સમગ્ર દેશમાં કોરોનાના કેરમાં લોકલ ટ્રેન, બસ, રીક્ષા ઈવન બજાર, સ્કૂલ, મંદિર, મસ્જિદ બે અઢી માસ સુધી બંધ રખાયા. દેશના એક એક નાગરિકને આમ ઘરે રહેવાનો ચોવીસ કલાક ઘરમાં જ કેદ રહેવાનો માહોલ મળ્યો. ત્યારે શરૂઆતમાં સૌને નિરાંત આરામની પળો મળવાનું સુખ લાગ્યું. પણ પછી આ સુખનો સમય પણ આકરો પડવા લાગ્યો. આમ પહેલાં નિરાંત-આરામની પળો માણવા મળે તો સુખ લાગતું હતું. એ પછી સતત નવરાશની પળો મળી. પરિવાર સાથે ક્યારે ન રહેવા મળ્યું હોય એવો માહોલ મળ્યો ત્યારે આ સુખ આકરું લાગ્યું. સજા રૂપી થઈ ગયું. આમ આવી રીતે સુખની શબ્દાવલી પ્રત્યેક ઘડીએ સૌને માટે અલગ અલગ થવાની.

હકીકતે સમજીએ તો સવારના પહોરમાં સૂર્યના કિરણો અવની પર આવે ત્યારથી પ્રામાણિક રીતે વિચારીએતો દરરોજ આપણને કેટલાં બધાં નાના મોટા સુખ આપી દિવસ દરમ્યાન મળતાં રહે છે. અતિ મોટું જો સુખ હોય તો એ છે કે અનિત્ય સંસારમાં આપણને આજનો દિવસ જોવા મળ્યો અને જીવવા મળ્યો. પથારીમાંથી ઉઠ્યા બાદ આપણી મોટાભાગની જરૂરિયાતો વિના વિઘ્ને સંતોષતી રહી આ પણ એક જાતનું સુખ નથી શું? આપણે અન્યો પાસેથી સુખ મળે, સંતોષ મળે એ અપેક્ષા રહેવાની પણ આપણે પણ એમને સુખ આપવાનો છે એ ફરજ ભૂલી જતાં હોઈએ છીએ. મોટાભાગના લોકો આ ફરજ યાદ રાખતા નથી. આ માત્ર લેવાના અધિકારી થયા આપવાના નહીં એવું થયું.

આપણા પરિવારજનો પત્ની કે પુત્રી આપણને વગર માંગે જોઈતું આપે, ચા-નાસ્તો જમવાનું આપો આપ પીરસી દે ત્યારે ક્યારે એમને પણ અણધાર્યો આંચકો આપી તેમની ખિદમત કરીએ તો તેમને કેટલો આનંદ સુખ મળે? આ અવળી ગંગા જો વહે તો તેમના દિલમાં કેવો આનંદ પ્રસરે અને એમને આનંદિત જોઈને આપણને પણ સુખની પળો માણવા મળે. આમ આ ઘટના ભલે નાની લાગતી હોય પણ એની અસર અઢળક મળે. માત્ર પૈસા મળવો આનંદ નથી ભોગ, વિલાસએ પણ સુખ નથી. અન્યના ચહેરા પર આપણા કારણે મલકાટ જોવા મળે એ પણ એક જાતનું સુખ છે. એ ભાવના કેળવીએ તો પ્રત્યેક પળે આપણને સુખ મળતું રહેવાનું.

– જય જ્ઞાતિમૈયા

# સતત પ્રેમની અનુભૂતિ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સંબંધ જાળવવાનું સત્ય એક એ છે કે જેવું આપશો એવું પામશો. પ્રેમ મેળવવા માટે પ્રેમ કરવાની તૈયારી રાખો. આપણી વ્યક્તિ પણ તો જ પ્રેમ કરશે જો તેને એવો અહેસાસ હશે કે મારી વ્યક્તિ મને અઢળક પ્રેમ કરે છે. આ અરસ પરસની કાળજી ખેવનાથી જ પ્રેમ વધુને વધુ પાંગરે છે, પરિપક્વ થાય છે. દુનિયામાં જો સૌથી શક્તિશાળી કંઈ હોય તો એ પ્રેમ છે. પ્રેમ જાદુ કરે છે, ચમત્કાર કરી શકે છે. સાચો પ્રેમ મળે તો એમાં માણસ પાંગરે છે. પરિપક્વ થાય છે. આજે તો જે કોઈના મોઢેથી સાંભળવા મળે છે કે સાચો પ્રેમ ક્યાં જોવા મળે છે. દરેક સંબંધની પાછળ ગણતરી હોય છે. દરેકને કંઈક મેળવવું હોય છે પોતાનું ધાર્યું. ન થાય તો તરત વાંધો પડે છે. ઈર્ષા અને જીદ તથા અહમ સતત વધતા જાય છે. આ દોષો સામે પ્રેમ ઘડીકમાં ઓગળી જાય છે, સાવ શોષાઈ જાય છે.

સ્નેહ પ્રેમ સ્વાર્થ સાથે ન જ થાય. જગત પ્રેમ પર ટક્યું છે. નફરત પર નહીં, ઝઘડા-મતભેદ, તકરાર ગાજતા રહે છે પણ સાચો પ્રેમ છાના ખૂણે જીવાતો રહે છે. વાંધો-વચકો પડે ત્યારે વ્યક્તિઓ વચ્ચે અટંસ બંધાય છે. લોકો એકબીજા પર આંગળી ચીંધે છે. પણ, પ્રેમની ગાંઠ મજબૂત હોય ત્યારે હાથમાં હાથ હોય, હૈયા એકબીજાની ઉપર ઢળેલાં હોય છે અને આંગળીઓ એક બીજાની સાથે બિડાયેલી હોય છે. પ્રેમ મૌન છે પણ, એના છાના તરંગ સાંભળતા આવડવું જોઈએ. પ્રેમને જોવા માટે આંખો નહીં, અનુભૂતિ જોઈએ.

પ્રેમના કારણે જ્યારે વ્યક્તિઓ વચ્ચે સંઘર્ષ પેદા થાય ત્યારે લોકો કહે છે, લોકોના પ્રતિઘાત હોય છે કે શું કળિયુગ આવ્યો છે, કેવો જમાનો આવ્યો છે? માણસ પોતાની જ વ્યક્તિ સાથે કેવું કરી રહ્યો છે? કોઈને પ્રેમ કરતો જોઈને સરસ રીતે રહેતા જોઈને કોઈ એવું નથી કહેતું કે કેવો સારો જમાનો આવ્યો છે. બંન્ને સારું જીવે છે. આત્મીય ભાવથી આંખો ઠરે એવું જીવી રહ્યાં છે. આ તો જેને પ્રેમ નથી મળ્યો એ પહેલેથી જ પ્રેમને વગોવતા આવ્યા છે અને જેણે પ્રેમને માણ્યો છે એને પહેલેથી પ્રેમ પવિત્ર લાગતો રહ્યો છે. પ્રેમ વિષે દરેકના પોતાના ખ્યાલ હોય છે અને એ ખ્યાલ મોટા ભાગે તેમને જે અનુભવો થયાં હોય તેના આધારે બંધાયા હોય છે.

સાચો પ્રેમ એ છે જે સમયની ગમે તેવી થપાટો છતાં કયારેય ઓસરતો નથી, કે નબળો પડતો નથી. પરિવર્તન પરિસ્થિતિમાં ભલે આવે પણ પ્રેમમાં કોઈ ઓટ આવતી નથી. પ્રેમમાં ગજબની શક્તિ છે. સવાલ એ ઠે કે આ શક્તિનો આપણે ઉપયોગ કેવી રીતે કરીએ છીએ? સાચો પ્રેમ એ છે જે જિંદગીને જીવવા જેવી બનાવે છે અને આયખાને ધબકતું, સતત જીવંત રાખે છે. સાચો પ્રેમ સદાય ખીલેલો રહે છે. એ ક્યારે મૂરઝાતો નથી. પ્રેમમાં આપણે હાથેથી ન નોતરીએ ત્યાં સુધી પાનખર આવતી નથી. પ્રેમને સતત વસંતથી હરીભરી રાખવા ભોગ આપવા, ત્યાગ કરવા માટે તત્પર રહેવું પડે છે. સ્વાર્થને ત્યાગવું પડે છે. ત્યાગનું તર્પણ અને સતત સ્નેહનું અર્પણ કરવું પડે છે. ત્યારે જ પ્રેમ શુધ્ધપણે પામી શકાય છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# સાંધવ નગરે ભવ્યાતિ ભવ્ય ચાર્તુમાસ પ્રવેશ





તા.૭ જુલાઈના પ.પૂ.સા.ભ. શ્રી પુર્ણગુણાશ્રીજી મ. સા. આદિ ઠાણા-૩નો સકળ સંઘોની હાજરીમાં ભવ્યાતિભવ્ય રીતે ચાર્તુમાસ પ્રવેશ સુરેશ બેન્ડ પાર્ટી સથવારે કરેલ. પ.પૂ.સા.ભ.શ્રી પુર્ણગુણાશ્રીજીના ચાર્તુમાસ પ્રવેશ સામૈયું બ્રિજેશ ખુશાલ પટેલના ઘરેથી શુભારંભ કરેલ. બેન્ડ પાર્ટી અને રંગબેરંગી બેડા ગહુલી સજાવી સામૈયાને ચાર ચાંદ લગાવ્યા હતા. ચાર્તુમાસ પ્રવેશ પ્રસંગે ગોધરા, જખૌ, બાડા, નલિયા, સાંયરા, ભીયસરા, મુન્દ્રા, ગાંધીધામ અને મોટી સિંધોડીના સંઘો/મહાજનો પધાર્યા હતા. સામૈયુંમાં શ્રી સાંધવ નગરના ભાઈઓ, બહેનો મુંબઈથી પધારેલ ૧૨૫ જણાની સંખ્યા સર્વે સાજન મહાજન ૩૨૫ સંખ્યામાં શોભા વધારેલ.

દરેક ભાગ્યશાળી પરિવારો તરફથી રૂા.૧૫૦/- નું સંઘ પૂજન કરવામાં આવેલ. ચાર્તુમાસના દાતાશ્રી પરિવાર તરફથી પેડાની પ્રભાવના કરવામાં આવેલ.

(તા. ૬/૭/૨૦૨૫ ના રાત્રેથી ૯ કલાકે વરસાદનો માહોલ થયેલ, જોરદાર વરસાદ થયો, પુરી રાતથી સવારના ૮ કલાકે ધીમું થયેલ, નાયરો નદીમાં પાણી આવી ગયેલ પણ સંઘો મોથાળાથી, ભવાનીપૂર ભાચૂંડા થઈને કષ્ટ વેઠીને આવી ગયેલ. ગોધરા, જખૌ, બાડા, નલિયા, સાંયરા, મોટી સિંધોડી પધારેલ. આમંત્રણને માન આપી સર્વે સંઘો, સાંધવ ગામવાસીઓ, નિયાણી બહેનો, આમંત્રિત મહેમાનો સર્વેની ખુબ ખુબ અનુમોદના.

શ્રી સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાની અસીમ કૃપાથી પરમ પૂજ્ય સાધ્વીજી શ્રીપુર્ણગુણાશ્રીજી મ.સા. આદિઠાણા-૩ ની પાવન નિશ્રામાં શ્રી સાંધવ નગરે પરમ પૂજ્ય શ્રી સાધ્વીજીના શ્રી ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ તરફથી વિવિધ પાંજરાપોળમાં રૂા.૫,૦૦૦/- નું અનુદાન અર્પણ કરવામાં આવેલ.

કોઠારા પાંજરાપોળ, નલિયા પાંજરાપોળ, તેરા પાંજરાપોળ, જખૌ પાંજરાપોળ, સુથરી પાંજરાપોળ, પરજાઉ પાંજરાપોળ, બિદડા પાંજરાપોળ, ઝીંઝુવાડા પાંજરાપોળ, કેરાબળદિયા પાંજરાપોળ, ટોટલ એકે રૂપિયા ૪૫,૦૦૦/- નું પાંજરાપોળ ખાતે અનુદાન કરેલ છે. શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપની ખુબ ખુબ અનુમોદના અને **એક સદ્‌ગ્રહસ્થ પરિવાર સાંધવ** તરફથી એક જર્મન સિલ્વરનો સ્ટેન્ડ શ્રી શાંતિનાથ દેરાસરજી માટે ભેટ મળેલ છે. સર્વેની ખુબ ખુબ અનુમોદના.

પ્રવેશમાં સાંધવવાસીઓ સારી સંખ્યામાં પધારેલ. શેઠ શ્રી શામજી નરશી દંડ, જયેશ લોડાયા, વિપુલ પટેલ, પ્રવિણ મોતા, વિરચંદ ખોના, સંદિપ લોડાયા, મહેશ દંડ, લક્ષ્મીચંદ દંડ, રાયચંદ દંડ, લહેરચંદ ખોના, જવેરચંદ મેઘજી ખોના, ઉમેશ ખોના, દિનેશ લોડાયા, જવેરચંદ ખોના-ગાંધીધામ, રાજેશ દંડ, મુકેશ દંડ, હિતેશ પટેલ, દિલીપ લોડાયા-ગાંધીધામ, નેવિલ પટેલ, મોક્ષીલ પટેલ, હિરાવંતીબેન ખોના, વિશાલ લોડાયા, ડોલર લોડાયા, પૂજ્યશ્રીના સંસારીજનો, સાંધવની નિયાણી બહેનો વાપીથી ખુશાલ મૈશેરી, લોનાવાળાથી જીત ખોના. મુંબઈથી સારી સંખ્યામાં પધારેલ.

# સાંધવ નગરે ભવ્યાતિ ભવ્ય ચાર્તુમાસ પ્રવેશ

રાજેશ પટેલ, બ્રિજેશ પટેલ, પંકજ ડાઘા, દિલીપ લોડાયા, રઘુભા જાડેજા, શરદ જાડેજા, શરદ દંડ, ખીમજીભાઈ લોડાયા, મહેશ મોતા, ટોકરશી નાગડા સારી એવી મહેનત કરીને પ્રવેશને ચાર ચાંદ લગાવેલ.

**ચાતુર્માસના લાભાર્થી પરિવારો**

**અ.સૌ. દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાલા) - (સાંધવ-ઘાટકોપર), સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ (સાંધવ-મુલુંડ), માતુશ્રી વિમલાબેન ઠાકરશી લાલજી પટેલ (સાંધવ-મુલુંડ), Shree Sai Clearing Forwarding LLP હસ્તે જતીન ગુલાબચંદ નાગડા (રંગપુર-મુલુંડ) અને જયેશ માણેકજી લોડાયા (સાંધવ-મુલુંડ)**

ચાર્તુમાસ પ્રવેશ વખતે શ્રી સંઘ પૂજનમાં લાભ લેનાર ભાગ્યશાળી પરિવારો.

**રૂ.૫૧૦૦/-:**

● માતૃશ્રી ખેતબાઈ હંસરાજ દેઢિયા, કચ્છ-ગોધરા પ.પૂ.ગુરૂદેવ સાધ્વીજી શ્રી પુર્ણગુણાશ્રીજી મ.સા.નાં સંસારી પક્ષે માતા-પિતા હસ્તે અં.સૌ.ગીતાબેન ગિરીશ દેઢિયા

● મણીબેન તારાચંદ દેઢિયા કોટડા રોહા હસ્તે જૈનમ રિધમ હર્ષમ અને અર્હમ પ.પૂ સાધ્વી હીતાર્થગૂણાશ્રીજી મ.સા. પ્રેરણાથી.

**રૂ.૩૧૦૦/-:**

માતૃશ્રી ગુલાબબેન મનસુખલાલ શાહ-માંડવી, પ.પૂ.સાધ્વી જ્ઞાનેસગુણા શ્રીજીના સંસાર પક્ષે દાદીમા.

રૂ.૨૫૦૦/-: અં.સૌ.દમંયતીબેન ચાંપશી માણેકજી લોડાયા-ઘાટકોપર, સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ-મુંલુડ, માતૃશ્રી વિમલાબેન ઠાકરશી લાલજી પટેલ-મુલુંડ, માતૃશ્રી રસીલાબેન માણેકજી લોડાયા-મુલુંડ, માતૃશ્રી જીઠીબાઈ કેશવજી ધરમશી સુથરી-મુલુંડ.

**રૂ.૧૧૦૦/- :**

માતૃશ્રી મણીબાઈ કુંવરજી મોતા-ડોમ્બીવલી, માતૃશ્રી જમકુબાઈ લાલજી પટેલ-મુલુંડ, માતૃશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા-મુલુંડ, માતૃશ્રી કાન્તાબાઇ આણંદજી ખોના-ગાંધીધામ, દિનેશ રામજી લોડાયા મુલુંડ, અ.સૌ.વીણાબેન દીપક દંડ-માટુંગા, અ.સૌ. અરૂણાબેન નવીનભાઈ લોડાયા-ઘાટકોપર, અ.સૌ. પ્રીતિબેન પ્રકાશ લોડાયા-થાણા, શ્રી ભરત મેઘજી ખોના-ડોમ્બીવલી, વિરચંદ મેઘજી ખોના-ડોમ્બીવલી, માતૃશ્રી વિમલાબેન ખીમજી દંડ-વાપી, માતૃશ્રી જ્યોત્સનાબેન દામજી દંડ-ભાંડુપ, અ.સૌ. લતાબેન પ્રકાશ લોડાયા-આણંદ, માતૃશ્રી ઝવેરબાઈ પદમશી ખોના-ભાંડુપ, અ.સૌ.ગુણવતીબેન લલિત ખોના-અમદાવાદ, નવીનભાઈ દેવણાધ લોડાયા-મુલુંડ, માતૃશ્રી હેમલતાબેન પદમશી કુંવરજી પટેલ-કોચીન, સંઘવી ભાગચંદ દામજી જૈન (ધરમશી), કોઠારા-મુલુંડ, શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ, માતૃશ્રી દમયંતીબેન હંસરાજ દંડ-મુલુંડ, માતૃશ્રી નવલબાઇ ભવાનજી દંડ-મુલુંડ, માતૃશ્રી કલ્પનાબેન ભવાનજી લોડાયા-મુલુંડ, શા.પીતાંબર શામજી પટેલ-કલકત્તા, માતૃશ્રી મણીબાઈ બાબુભાઈ લોડાયા-અમદાવાદ, અ.સૌ. મીનાબેન શામજી લોડાયા-થાણા, માતૃશ્રી લક્ષ્મીબેન મણીલાલ લોડાયા-લોકાપુર, રેખાબેન દિનેશ લાલન, કોડાય-સાયન, અ.સૌ. ધનલક્ષ્મીબેન ખુશાલ મૈશેરી, નાની સિંધોડી-વાપી, શકુંતલાબેન રાયચંદ દંડ-મુલુંડ, માતૃશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડ-ભાંડુપ, અ.સૌ. ભાવનાબેન મુકેશ મોતા-નલિયા, અ.સૌ. પુષ્પાબેન પ્રવીણચંદ લોડાયા-થાણા, ભાવેશ મેનાબેન વિસનજી દંડ-વડાલા, શ્રી પદમશી કલ્યાણજી ખોના-ભુજ, લીલાવતીબેન વિશનજી સોની, જખૌ -કાંદીવલી, મણીબાઈ ગોવિંદજી મોતા-મોટી ધુફી, કાંતિલાલ કાનજી લાલકા, તેરા-જખૌ, માતુથી હેમલતાબેન નલિનકાત પીર, સુથરી-મુલુંડ, માતૃશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા, નલિયા-મુલુંડ, માતૃશ્રી નિર્મલાબેન જગદીશ ધરમશી, તેરા-મુલુંડ, માતૃશ્રી દમયંતીબેન ઝવેરચંદ મૈશેરી, નાની સીધોડી-ડોમ્બીવલી, શ્રી ઉત્તીન વિજયસિંહ ખોના, નલિયા-મુલુંડ, શ્રી હરીશ આણંદજી ગોસર-મુન્દ્રા.

**રૂ.૫૦૦/- :**

શ્રી મણિલાલ ભવાનજી લોડાયા-ભાંડુપ, માતૃશ્રી ગુણવતીબેન નરશી લોડાયા-અમદાવાદ, અ.સૌ. લક્ષ્મીબેન શરદ દંડ, બાયઠ-શેવગાવ, અ.સૌ. જયશ્રીબેન ઝવેરચંદ ખોના-ડોમ્બીવલી, ચિ. એકતા પરેશ દંડ-ડોમ્બીવલી, માતૃશ્રી લતાબેન ઝવેરચંદ દંડ-ભાંડુપ, શ્રી ઉમેશભાઈ ઉમરશી ખોના-ડોમ્બીવલી, માતૃશ્રી જયવંતીબેન લાલજી દંડ, પરજાઉ-

# સાંધવ નગરે ભવ્યાતિ ભવ્ય ચાર્તુમાસ પ્રવેશ

નાહુર, શ્રી વીરચંદ લાલજી પટેલ-ગાંધીધામ, અ.સૌ. કાંતાબેન ખીમજી લોડાયા, લાલા-ડોમ્બીવલી, માતૃશ્રી મધુરીબાઈ શામજી ડાઘા, વરાડીયા-સાંધવ, ભારતીબેન સૂર્યકાંત નાગડા, જખૌ-ધાવણગીરી, ગુણવંતીબેન ભરત મોતા, કુવાપધર-ભુજ, હિરેન શાંતિલાલ લોડાયા-સાંધવ, કેતકી ગાંધી-ભાંડુપ, કરમશી નરશી દંડ-ભાંડુપ, માતૃશ્રી માકબાઈ ખીમજી નાગડા, તેરા-વાપી, હસ્મિબેન ચંદ્રકાંત સંઘોઈ, કપાયા-નાલાસોપારા, માતૃશ્રી વિજયાબાઈ પદમશી નાગડા, નલિયા-ભાંડુપ, બીપીનભાઈ વાડીલાલ શાહ, લાખાપર-ડોમ્બીવલી, હેમલતાબેન ગુલાબચંદ ખોના-ધાવણગીરી, નયનાબેન ગૌતમ લોડાયા, રવા-ભાંડુપ, પ્રેમિલાબેન રતનશી ધરમશી-રંગપુર, માતૃશ્રી ધનબાઈ કાનજી દંડ-વડોદરા, હંસાબેન લહેરચંદ લોડાયા, વાંકુ-મુલુંડ, અ.સૌ. ભારતીબેન કિશોર લોડાયા-ડોમ્બીવલી, લીલાવતીબેન ખુશાલ સોની, બાંબડાઈ-મુલુંડ, શ્રી હંસરાજ ચત્રભોજ નાગડા-કોઠારા, વલ્લભજી પુનશી સાવલા-હાલાપર ભાનુબેન, ચંદનબેન કચરાલાલ શાહ-ભાયંદર, માતૃશ્રી ગોરબાઈ કુંવરજી લોડાયા-ગાંધીધામ, રંજનબેન જગદીશ છેડા, ગુંદાલા -ડોમ્બીવલી, નવલબેન લીલાધર છેડા, બાંબડાઈ-ડોમ્બીવલી, જીયાસ જીનાસ જયદીપ દિનેશ મૈશેરી, મોટી સિંધોડી-અમદાવાદ, મધુબાઈ રતિલાલ નાગડા-કોઠારા સંઘપૂન લાભાર્થી પરિવારની ખુબ ખુબ અનુમોદના. કુલ ૧૫૦/- સંઘપૂજન થયેલ.

શ્રી સાંધવ નગરે શાંતિનાથ દાદાની શીતલ છાયામાં પ.પૂ.સાધ્વી પૂણેગુણા શ્રીજી મ સા આદીથાણા ૩ ની શુભ નિશ્રામા તા. ૦૧/૦૭ /૨૦૨૫ આજરોજ તપસ્યા ઉપવાસ ૯, આયંબિલ ૨૯, એકસાણા ૨, તપસ્વીઓ બધા સુખ-શાંતામાં છે.

આયંબિલ ઉપવાસ રૂપિયા ૧૦૦ ની પ્રભાવના એકાસણા રૂપિયા ૨૦ ની પ્રભાવના પ્રવેશ સંઘપૂજનના લાભાર્થી પરિવાર તરફથી ખૂબ ખૂબ અનુમોદના.

શ્રી સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાની શીતલ છાયામાં પૂ.ગુરૂદેવની શુભ નિશ્રામાં ગુણવંતીબેન હંસરાજ ગડા-દેવપર તા. ૭/૭/૨૫ પક્ષાલ પૂજા ૪૫૧ મણ, ધનલક્ષ્મીબેન ખુશાલ મૈશેરી, નાની સિંધોડી-વાપી, શાંતિનાથ ભગવાન ૩૦૧ મણ, માતૃશ્રી દમયંતીબેન હંસરાજ દંડ, સાંધવ-મુંલુંડ, ધર્મનાથ ભગવાન ૨૦૧ મણ, લીલાવંતીબેન ખુશાલચંદ સોની, બાંબડાઈ-મુંલુંડ, મહાવીર સ્વામી ભગવાન ૨૫૧ મણ, ગોવિંદજી લાલજી પટેલ, સાંધવ-મુંલુંડ, અજિતનાથ ભગવાન ૨૦૧ મણ, ધનલક્ષ્મીબેન ખુશાલ મૈશેરી, નાની સિંધોડી-વાપી, વિમલનાથ ભગવાન ૩૫૧ મણ ખુબ ખુબ અનુમોદના.

ધનલક્ષ્મીબેન ખુશાલ મૈશેરી, નાની સિંધોડી-વાપી તા.૭/૭/૨૫ સૂત્ર-જ્ઞાન સાર ગ્રંથ ૬૬૬૬ મણ, માતૃશ્રી મણીબાઈ કુંવરજી મોતા, સાંધવ-ડોમ્બિવલી, ચાચિત્ર- સુર સુંદરી ૬૬૬૬ મણ, ભાવનાબેન મુકેશ મોતા-નલિયા, મતિ- જ્ઞાન ૨૧૨૧ મણ, નેણબાઈ ભારમલ ખીયસરા શ્રુત-જ્ઞાન ૨૦૦૧ મણ, જયશ્રીબેન જવેરચંદ ખોના, સાંધવ- ડોમ્બિવલી, અવધિ-જ્ઞાન ૧૦૦૧ મણ, જીત ધનરાજ લોડાયા, ગ્રીશી રોકી લોડાયા હસ્તે જવેરચંદ મેંઘજી ખોના, મન- પર્યવ- જ્ઞાન ૧૧૧૧ મણ, શ્રેયાંશ તેજસ પ્રવીણ મોતા, સાંધવ-ડોમ્બિવલી કેવલ-જ્ઞાન ૨૦૦૧ મણ ખુબ ખુબ અનુમોદના.

પરમ પૂજ્ય સાધ્વીજી શ્રીપુર્ણગુણાશ્રીજી મ.સા. પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી જ્ઞાનેશગુણાશ્રીજી મ.સા. તથા શ્રી સાંધવ નગરે વર્ષ ૨૦૧૬ માં દીક્ષા થયેલ પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી હિતાર્થગુણાશ્રીજી મ.સા.નો શ્રી ચાતુર્માસ પ્રવેશ ભવ્યાતિ ભવ્ય થયેલ. મેઘરાજાની મહેરથી નદીઓમાં પુર આવી ગયેલ તેમ છતાં શ્રી ભવાનીપુર થઇ શ્રી સાંધવ નગરે સારી સંખ્યામાં ભાઈ બેહનો આવેલ સર્વે ૩૨૫ જેટલી સંખ્યામાં સર્વે આવી આ ચાતુર્માસ પ્રવેશ પ્રસંગ દિપાવેલ. સર્વે ભાવિકો એ સવારના નવકારશી તથા બપોરના સાધર્મિક ભક્તિનો લાભ આપેલ. રૂા.૧૫૦/- નું સંઘપૂજન થયેલ. શ્રી ચાતુર્માસ દાતા પરિવાર તરફથી પેડાની પ્રભાવના કરવામાં આવેલ.

સાંધવ નગરે શાંતિનાથ દાદાની શીતલછાયામાં પ.પૂ.સાધ્વીશ્રી પુર્ણગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૩ ની શુભનિશ્રામાં ૭૦/૭૫ આરાધકો ગામવાસીઓ ૧૦૦ જણાની સંખ્યામાં આરાધના થઈ રહી છે. વર્ષીતપવાળા/ઉપવાસ/એકાસણા આયંબીલ તપ રોજ સારી સંખ્યામાં તપની આરાધના થઈ રહી છે. શાંતિનાથ દાદાના દર્શનાર્થે પૂજન કરીને વંદન કરવા રોજ ૧૫/૨૦ જણની સંખ્યામાં આવી રહ્યા છે. ૭૫ થી ૮૫ ઉંમરના આરાધકો આરાધના કરી રહ્યા છે, ધન્ય છે. ચાર્તુમાસ દાતા પરિવારોને કે આ સાર્ધમિકનો સાર્ધમિક ભક્તિનો અમુલ્ય લાભ લઈ રહ્યા છે. સવારના ૪ કલાકે રાઈ પ્રતિકમળથી રાત્રે ૯ કલાકે ભક્તિ ભાવના સુધી આરાધકો આરાધના કરી રહ્યા છે ખૂબ ખૂબ અનુમોદના.

ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે તા.૭/૭/૨૦૨૫ કોઠારા પાંજરાપોળમાં માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડના ૧૨મી પુણ્યતિથિ નિમિત્તે સુકોચારો, ગોળ, ભૂસો, લાપશી ખવડાવવામાં આવેલ.

# સાંધવ નગરે ભવ્યાતિ ભવ્ય ચાર્તુમાસ પ્રવેશ
















# સાંધવ નગરે ભવ્યાતિ ભવ્ય ચાર્તુમાસ પ્રવેશ














# સાંધવ નગરે ભવ્યાતિ ભવ્ય ચાર્તુમાસ પ્રવેશ














# કેશવજી રામૈયા અતિથિગૃહ રૂમનો ઉદ્ઘાટન






શ્રી કેશવજી રામૈયા લોડાયા અતિથિગૃહ રૂમ નં.૧૦૩, ૧લે માળે, રૂમનું ઉદ્ઘાટન અ.સૌ.કલ્પનાબેન તેજકુમાર ધરમશી-સુથરીના વરદ હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવેલ. રૂમના લાભાર્થી પરિવાર સાંધવ નગરના **માતુશ્રી મુરબાઈ માલશી લોડાયાની દીકરી માતુશ્રી જીઠીબાઈ કેશવજી ધરમશી (સુથરી-મુલુંડ), પુત્ર-પુત્રવધુ :- અ.સૌ. કલ્પનાબેન તેજકુમાર ધરમશી, પૌત્ર-પૌત્રવધુ :- અ.સૌ. નિધિ ફાલ્ગુન ધરમશી અ.સૌ. ખુશ્બુ દેવેન ધરમશી**

# દિક્ષાર્થી બહેનોનું અનુમોદના કરતા સાંધવ મહાજન






શ્રી સાંધવ નગરના ધન્યભાગ કે ચાતુર્માસના પ્રારંભની સાથે સાથે બે મુમુક્ષુ દીક્ષાર્થી બેહનોના પાવન પગલા થયેલ છે. મુમુક્ષુ રિયાબેન અ.સૌ. રીના ભાવેશ વિનોદ સાવલા ગામઃ કોટડીમહાદેવપુરી ના સુપુત્રી, મુમુક્ષુ હેતાર્થીબેન અ.સૌ. હેતલ વિનય લક્ષ્મીચંદ મોતા ગામઃ દેવપુર ના સુપુત્રી પધારેલ.

શ્રી સાંધવ મહાજન તરફથી મુમુક્ષુ દીક્ષાર્થી બેહનોનું અનુમોદના કરવામાં આવેલ. દીક્ષાર્થી બેહનોનો પરિવાર ૮ જણા પધારેલ. અલ્પહાર ચા પાણીનો લાભ લીધેલ. શ્રી ચાતુર્માસ દાતા પરિવાર તરફથી રૂા. ૫૦/-નું સંઘપૂજન કરવામાં આવેલ.




# આરાધક ભાઈ-બહેનોને પૂજા માટે સાડી અને સુરવાલ ઝબ્બો અર્પણ કરવામાં આવેલ










શ્રી ચાતુર્માસ દાતા પરિવાર **માતૃશ્રી રસીલાબેન માણેકજી મેઘજી લોડાયા સાંધવ મુલુંડ** તરફથી શ્રી આરાધક બહેનોને પૂજા કરવા માટે સાડી અને રૂમાલ આરાધક ભાઈઓને સુરવાલ ઝબ્બો અને રૂમાલ શ્રી સાંધવ મહાજનના સર્વે કર્મચારી ગણને પેન્ટ શર્ટ તથા રસોડા ખાતે બહેનોને સાડી આપવામાં આવેલ. આરાધક ભાઈઓને સુરવાલ ઝબ્બો આરાધક બેહનો માટે સાડી. **એક સદ્‌ગ્રહસ્થ પરિવાર સાંધવ તરફથી આપવામાં આવેલ.**

શ્રી ચાતુર્માસ દાતા પરિવાર **માતૃશ્રી વિમળાબેન ઠાકરશી લોડાયા (પટેલ) પરિવાર સાંધવ મુલુંડ** તરફથી પૂજાની બેગ, બટુવો, મો-પત્તી, બેટરી.

શ્રી ચાતુર્માસ દાતા પરિવાર **શ્રી શામજીભાઈ નરશી દંડ પરિવાર સાંધવ મુલુંડ** તરફથી આરાધક ભાઈ બેહનોને મોટો ટુવાલ તથા નેપકીન. સર્વે આરાધક ભાઈ બેહનોને ભેટ આપવામાં આવેલ.









# સંજીવની કેસ નં.૧૯૬ માટે જરૂરી રકમ રૂા.૪.૪૦ લાખ નોંધપાત્ર સમય દરમ્યાન જમા થઈ જતાં ક્રાઉડ ફંડિંગ સ્ટોપ કરાયું

કચ્છ વારાપધ્ધર હાલે હુબલીના ૨૪ વર્ષીય મહિમા અશોક લોડાયા થોડા વર્ષ અગાઉ પડી ગયા હોવાને કારણે કમરના દુઃખાવાથી પીડીત હતા એ સરળ રીતે ચાલી શકતા ન હતા. તેણીને બાયલેટરલ S-1, S-2 સ્ક્રુ પુલ આઉટ હોવાનું તબીબીઓએ નિદાન કર્યું છે. S-1, S-2 સ્ક્રુ દુર કરવાની અને સ્પાઈન ફ્યુઝન નવા સ્ક્રુ બેસાડવા માટેની સર્જરી જરૂરી હોવાની સલાહ અપાઈ છે.




કુ. મહિમા લોડાયા માતા પિતા અને નાની બહેન સાથે રહે છે. પિતા અશોકભાઈ પાસે આવકનો કોઈ સ્ત્રોત નથી. હાલે બેરોજગાર છે. થોડા વર્ષો પહેલાં કોવિડ સમય કાળમાં પરિવાર ગદગ આશ્રમમાં રહેતો હતો કામ નિર્વાહ કરતો હતો. પરિવાર પાસે કોઈ બચત નથી કે નથી કોઈ મેડિકલેઈમનો આધાર. ઉપરથી વળી આકસ્મિક ખર્ચનો બોજ વહન કરવાનો પડકાર. આ વિકટ પરિસ્થિતિમાં લોડાયા પરિવારએ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની જરૂરતમંદ જ્ઞાતિજનોને આધારભૂત સહારો આપી સહાયક બનતી સંજીવની યોજના અંતર્ગત સારવાર માટેની અંદાજિત રકમ રૂા.૪.૪૦ લાખ મદદ માટે અરજી મૂકી.

અરજીનો તલસ્પર્શી અભ્યાસ કરી વિકટ પરિસ્થિતિમાં મૂકાયેલા જ્ઞાતિ પરિવારને માટે જરૂરી ભંડોળ જમા કરવા કેસ નં.૧૯૬ની માટે ક્રાઉડ ફંડિંગ શરૂ કરાયું.

આજ સુધીના ૧૯૫ સંજીવની કેસ ઉદારદિલ જ્ઞાતિદાતાઓની મદદથી સમયસર અને સુખરૂપ રીતે ઉકેલી શકાયા છે તે જ પ્રમાણે આ કેસ માટે પણ દાતાઓનો સાથ અને હાથ મળી રહેશે એ આશા વિશ્વાસ સાથે ક્રાઉડ ફંડિંગ શરૂ કરતાના નોંધપાત્ર સમય ગાળામાં જ પૂરેપૂરું ભંડોળ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિંગ અટકાવી દેવાયું.

સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના દાતાઓને પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવે છે. જે સ્વને માટે નહીં પણ પર હિત માટે વપરાય છે તે ધન ધનલક્ષ્મી ગણાય છે. ધન જેમ વધતું જાય તેમ તેમનો સદ્ઉપયોગ જરૂરી છે. એટલે જ સંત કબીરએ લખ્યું છે કે, 'જલ બાઢે નાવ મેં, ઘર મેં બાઢે દામ, દોન્હુ હાથ ઉલિચિયે યહી સયાનોકા કામ.'

જ્ઞાતિની ૨૪ વર્ષીય યુવતીની પીડાને પોતાની સમજી હૂંફાળો હાથ અને અમૂલ્ય સાથ આપનારા સૌ વ્યક્તિગત દાતાઓ, મહાજન, એકમ, મંડળ ટ્રસ્ટ વિગેરેની અનુમોદના કરી ભાવપૂર્વક આભાર વંદના કરીએ છીએ.

# શ્રી મુલુંડ નાગરિક સભા સંચાલિત મક્તિધામ સ્માશનભૂમિમાં ચંદ્રકાંત લોડાયાએ સ્વૈછીક સેવાભાવથી ઓટોમેશન વોટરપંપ સ્થાપિત કરી આપ્યું

મુલુંડની એકસો એક વર્ષ જૂની સેવાભાવી સંસ્થા શ્રી મુલુંડ નાગરિક સભા જે મુલુંડમાં વિવિધ સમાજપયોગી પ્રકલ્પોનું પધ્ધતિસર સંચાલન કરી સમાજસેવા કરે છે. જેવા કે વાંચનાલય, પુસ્તકાલય, મુલુંડ સ્મશાનભૂમિ, મુક્તિધામ તથા શ્રી મુક્તેશ્વર મહાદેવ મંદિર. મુલુંડ વેસ્ટની સ્મશાનભૂમિ, મુક્તિધામ પરિસરમાં શૌચાલય, બાથરૂમ અને પાણી નળની વ્યવસ્થા છે. જેને માટે પાણી સ્ટોરેજ કરવા ટાંકી છે. સવાર સાંજ ટાંકીમાં પાણી ભરવા માટે પંપ સ્ટાફ ભાઈઓ ચાલુ કરે. ત્યારે કોઈકામ સંજોગના કારણે અન્ય કામોમાં રોકાઈ જાય ત્યારે ટાંકી છલોછલ ભરાઈ પાણીનો વેસ્ટેજ થયા કરે સાથો સાથ પાણી ઉપર ચડાવવા માટેનો પંપ સતત ચાલુ રહે. આમ પાવર, પાણીનો સતત વેસ્ટેજ થયા કરે તે ઉપરાંત આજુબાજુમાં પાણી વહીને ગંદગી ફેલાવે અને મચ્છર તથા જીવજંતુનો પ્રસાર કરે.




આ પરિસ્થિતિ જોઈ-અનુભવી ચંદ્રકાંત માણેકજી લોડાયા, નલિયા- મુલુંડ એ સ્વૈચ્છીકપણે શ્રી મુલુંડ નાગરિક સભાનો સંપર્ક કરી આ રોજે રોજની તકલીફમાંથી છૂટકારો થાય એ માટે પોતે શોધેલ સાધન અત્રે સ્થાપિત કરી આપવાનો પ્રસ્તાવ રાખ્યો. જે મુલુંડ નાગરિક સભા દ્વારા મંજૂર પણ કરાયો. ચંદ્રકાંત લોડાયા એ પોતાના જ્ઞાન અનુભવથી ઓટોમેશન પંપ વ્યવસ્થા સ્થાપિત કરી આપતા સેવાભાવી સંસ્થાના પરિસરમાં થતો રોજેરોજનો પાણી અને વીજળીનો વેસ્ટેજ સદંતર બંધ થઈ ગયો. આ સિસ્ટમમાં પાણીની ટાંકીમાં પાણી ભરવા પંપ ચાલુ કરાય પછી કોઈ દેખરેખ રાખનાર ન હોય તો પણ જ્યારે પાણીની ટાંકી છલોછલ ભરાઈ જાય ત્યારે આપોઆપ પાણીનો પંપ બંધ થઈ જાય અને પાણી ટાંકીમાં જતું અટકી જાય.

શ્રી મુલુંડ નાગરિક સભાના પ્રેસિડન્ટ સંજય દુબે એ પત્ર લખી ચંદ્રકાંત લોડાયાની આ સેવા માટે આભાર માન્યો અને ફૂલ પાંખડી રૂપે રૂા.૧૦૦૧ રોકડ પુરસ્કાર રૂપે પ્રદાન કર્યા. વળતાં પ્રતિસાદમાં ચંદ્રકાંત લોડાયાએ પુરસ્કારની ટોકન રકમ સંસ્થાને સાભાર પરત કરી શાબ્દિક પ્રતિભાવ આપ્યો કે 'મારા પાણીની ટાંકી ઓટોમેશન પ્રોજેક્ટને સ્વીકારવા બદલ હું હૃદયપૂર્વક શ્રી મુલુંડ નાગરિક સભાના પ્રેસિડન્ટ સંજયભાઈ દુબેનો આભારી છું. સ્માર્ટ અને કાર્યક્ષમ પાણી અને પર્યાવરણ વ્યવસ્થાપનમાં યોગદાન આપવાનું સન્માન હતું અને મને આનંદ છે કે નાગરિક સભાને નવીનતામાં મૂલ્ય અને રાહતપૂર્ણ યોગદાન મળ્યું છે.'

પ્રશંસા કાર્યના વળતર પ્રતિરૂપે મને પ્રમાણ પત્ર અને રૂા.૧૦૦૧ એનાયત કરવામાં આવ્યા હતા જે મેં નમ્રતાપૂર્વક સ્વીકાર્યા. પણ આ અમૂલ્ય રકમનો ઉપયોગ અર્થ પૂર્ણ અને રચનાત્મક હેતુઓ માટે કરવામાં આવે એ હેતુસર મેં આ રકમ સભાને પરત કરી સંસ્થાના પ્રોત્સાહનથી મને સમાજને લાભ થાય તેવા હેતુ પૂર્ણ ઈલેક્ટ્રોનિક પ્રોજેક્ટ પર કામ કરવાનું ચાલુ રાખવા માટે ખૂબ પ્રેરણા મળી છે. તમારી માન્યતા અને ભરપૂર સમર્થન બદલ ફરી ફરી આભાર.

# સ્મરણાંજલિ







**ભાયચંદ કુંવરજી કેશવજી દંડ**

ઉંમર વર્ષ : ૭૬

(અરિહંત શરણઃ તા.૧૬-૦૭-૨૦૨૫)

(ગામ - સેવક ભરૂડીયા, હાલ - માટુંગા)

**કિશોર વેલજી કેશવજી દંડ**

ઉંમર વર્ષ : ૭૪

(અરિહંત શરણઃ તા.૧૭-૦૭-૨૦૨૫)

(ગામ - સેવક ભરૂડીયા, હાલ - સાયન)

આપનો શિસ્તપ્રેમી પરંતુ સેવાભાવી સ્વભાવ, સદા હસતો ચહેરો,
પ્રેમસભર આતિથ્ય હંમેશા યાદ રહેશે.
તમારો પવિત્ર આત્મા જ્યાં પણ હોય ત્યાં
પરમ શાંતિ પામે એ જ અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

શ્રદ્ધાસુમન

## માતુશ્રી મિઠીબાઈ મણિલાલ ખોના - સુથરી

અ.સૌ. સ્વ.સરોજ અને રાજેન્દ્ર મણીલાલ ખોના

અ.સૌ. હેમા અશ્વિન મણીલાલ ખોના

કુ. રેખા મણીલાલ ખોના • અ.સૌ. દર્શના ચંદ્રસેન દંડ

કિન્નરી સંકેત ધરમશી • ચાંદની અતુલ શાહ

ડૉ. કાદંબરી અંકિત ખોના • મહેક, પાર્શ્વ, ધરમશી • યશ્વી શાહ

# ગાંધીધામ શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના આંગણે અચલગચ્છીય મ.સા. આદિ ઠાણાનો વાજતે ગાજતે ચાતુર્માસ મંગલ પ્રવેશ થયો



ગાંધીધામના શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘના પાવન આંગણે બધા ગચ્છના રૂટેશન મુજબ આ વખતે અચલગચ્છના ગણીવર્ય પરમ પૂજ્ય મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મહારાજા સાહેબ, પરમ પૂજ્યમુનિરાજ શ્રી ભાગ્યોદયસાગરજી મહારાજા સાહેબ આદીથાણાનો ચાતુર્માસ ગત ૬ જુલાઈને રવિવારેના વાજતેગાજતે સકળ સંઘની હાજરીમાં થયો હતો. ભારતનગરથી પ્રયાણ કરી ગાંધીધામ મધ્યે નગરચર્યા કરી શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયના મુખ્ય ગેટથી પ્રવેશ કર્યો હતો. તેમની સાથે વાગડ સમુદાયના સાધ્વી પ.પૂ.ચંદ્રકિરણાશ્રીજી મ. સાહેબ આદિ થાણા -૬ પણ હાજર રહેલ હતા.



ઢોલ નગારા અને બેન્ડ સાથે સાહેબજીનો સામૈયું રેડક્રોસ ચાર રસ્તા ઉપર કરવામાં આવેલ જેમાં પુરુષો સફેદ વસ્ત્રોમાં માથે સાફા અને ખેસ પહેરી ગુરૂજી અમારો અંતર્નાદના નારા સાથે સાહેબજીને વંદન કરેલ અને બહેનોએ બાંધણીમાં માથે બેડા, હાથમાં ગહુંલી અને પધારો ગુરૂજીના પોસ્ટર સાથે સાહેબજીને આવકાર્યા હતા. વિવિધ મહિલા મંડળની બહેનોએ સુશોભિત સૂત્રો સાથે જોડાયા હતા. સવારે મેઘરાજાની જોરદાર પધરામણી બાદ ખુશનુમાન વાતાવરણમાં બહોળી સંખ્યામાં ગાંધીધામ, આદિપુર, ભારતનગર, નાકોડાનગર, મહાવીરનગર અંતરજાળ, શિણાયથી લોકો જોડાયા હતા અને જૈન ધર્મની સંસ્કૃતિની જ્યોત મહેકતી રાખી હતી તે ઉપરાંત ભુજ, વર્ધમાનનગર, તલવાણા, માંડવી, અમદાવાદ, અબડાસા વિગેરે સ્થળોથી સંઘ અને મહેમાનો જોડાયા હતા અને આ ચાતુર્માસના રૂડા અવસરને પોતાની હાજરીથી સુશોભિત કરી હતી.

પ્રવેશ કરતાની સાથે દેરાસરના પ્રાગણમાં સરસ્વતી દેવીની પ્રતિમા મણીબેન ગોવિંદભાઈ વાજા પરિવાર દ્વારા બિરાજમાન કરવામાં આવેલ ત્યાર બાદ ઉપાશ્રય મધ્યે ગુરૂવંદન અને ગુરૂજીના આર્શીવાદ, માંગલિક અને ચાતુર્માસનો મહિમા સમજવ્યો હતો તે બાદ સંઘના પ્રમુખ શ્રી ચંપાલાલજી પારેખ એ સંઘ વતી સૌનો આવકાર કર્યો હતો અને નાના બાળકોએ નૃત્ય અને બહેનો દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જ્ઞાનસાર ગ્રંથ અને જૈન રામાયણ ચરિત્ર પૂ.

# ગાંધીધામ શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના આંગણે અચલગચ્છીય મ.સા. આદિ ઠાણાનો વાજતે ગાજતે ચાતુર્માસ મંગલ પ્રવેશ થયો





સાહેબજીને વ્હોરાવાના ચડવા કરવામાં આવ્યા હતા ત્યાર બાદ મુનિ ભગવંતોના પરિવારથી હાજર રહેલ સભ્યોનો સન્માન સંઘ દ્વારા કરવામાં આવેલ અને ભાગ્યના ઉદય થાય એવું ગુરૂદેવના ચરણે પુણ્યનું ભાથું બાંધવા અને ચાતુર્માસ દરમિયાન થનારા વિવિધ પ્રવૃત્તિઓનું માહિતી અને જાણકારી સંઘના મંત્રી જીતેન્દ્ર છેડા એ આપેલ. આ પ્રસન્ગે માનવ સેવાની જ્યોત જાળવી રાખનાર પ્રબોધ મુનવરનું વિશેષ સન્માન કરવામાં આવેલ.

આ પ્રસંગે બપોરે સ્વમામી વાત્સલ્ય જમણવારના દાતા શ્રી અચલગચ્છ જૈન સંઘ વતી માતુશ્રી લક્ષ્મીબેન ઠાકરશી ગાલા હસ્તે લીલાવંતીબેન જેઠાલાલ ગાલા ગામ માપર વારા એ લાભ લીધેલ અને ૧૨૦૦ થી વધુ સંખ્યા માં સ્વામિવાત્સલ્ય નો લાભ લીધેલ આ પ્રસંગે સવારે ગુર્જર જૈન સમાજના યુવા ભાઈઓએ અને બપોરે સાર્થક યુવક મંડળના ભાઈઓ અને એકતા મહિલા મંડળની બહેનોએ સેવા આપી હતી.

આ પ્રસંગે ચંપાલાલ પારેખ, મિતેષ ધરમશી, જીતેન્દ્ર છેડા, સુરેશ વારૈયા, ગગનજી શેઠ, મહેશ લાલકા, પ્રબોધ મુનવર, મુલચંદ મારૂ, મુલતાનમલ નાહટા, મુલચંદ વોરા, મહેન્દ્ર શાહ, હિમાંશુ ગંગર, ચંદનમલ જૈન, રસિકલાલ મેહતા, રમેશ દેઢિયા, મધુકાન્ત શાહ, ધનપતિ નાગડા, પારસમલ નાહટા, રાજુભાઈ મેહતા, કેતન કાકરેચા, લહેરચંદ ખોના, ચંદ્રકાન્ત શાહ, ડો. ચેતન વોરા, કેતન લોડાયા, જીગર મૈશેરી, રાજેશ નાગડા, શૈલેષ નાગડા,, વત્સલ છેડા, મિતેષ મોતા, ધવલ લોડાયા, જિનેશ શાહ, અનીશ લોડાયા, વિરાજ મૈશેરી, અમિત મોતા, વિપુલ મૈશેરી, કેતન ગંગર, વિપુલ વીરા, મયૂર ધરમશી, હરીશ લાલકા, પ્રદીપ ખોના, વીરચંદ લોડાયા, કાંતિલાલ મોતા, કુશાલ રાજજી પારેખ, મહેન્દ્ર લોડાયા, તુષાર જૈન, હિતેન્દ્ર છેડા, નાનાલાલ સત્રા, મનસુખલાલ પુંજ, વિપુલ લાલકા, ઋષભ નાગડા, અશ્વિન શેઠ, કિરણ શેઠ, જિનેશ શાહ, અતુલ દંડ, ભદ્રેશ લાલકા, મનીષ ખોના, દીપેન લોડાયા, પીયૂષ લોડાયા, ગૌરવ મોમાયા, ગૌતમ લોડાયા, રાહુલ લોડાયા, ઉત્કર્ષ ધરમશી, સંદીપ લાલકા, રાજ નાગડા, વિશાલ લોડાયા વિગેરે મહાનુભાવો સાથે બૃહદ જૈન સમાજના બધા ફીરકાના ભાઈઓ, બહેનો અને બાળકો હાજર રહ્યા હતા.





# Anumodana

## Sanjivani Case - 186

**Name:Mrs. Manjula Bankimchand Gosar** | **Age : 63 Yrs.** | **Village: Baroi - Gandhidham**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 25,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patron** | |
| M/s. Vikamshi Fabrics Pvt. Ltd. Khamgaon | 5,000.00 |
| Matushri Rekhaben Sunil Khona, Sujapur - Bangalore | 5,000.00 |
| **Lifetime Patron / Sanstha** | |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 5,000.00 |
| Shri DBKDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Diamond Patron** | |
| Smt. Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 2,500.00 |
| Shrimati Hansha Shah,Naliya, Mahalaxmi ( H: Nirupamaben) | 2,500.00 |
| Shrimati Rita Manikant Lodaya | 2,500.00 |
| Late Smt. Hemlata Mulchand Nagda (H: Shri Bhavin T. Nagda) Tera, Mumbai | 2,000.00 |
| Late Shri Mulchand Visanji Nagda (H: Shri Manikant Visanji Nagda) Tera, Mumbai | 2,000.00 |
| Mrs. Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 2,000.00 |
| Matushri Laxmiben Javerchand Dharamshi (H: Yogita Dhirish Dharamshi)Kothara, Bijapur | 2,000.00 |
| Matushri Manibai Champshi Luthia & Shri Champshi K. Luthia, Raidhanjar | 2,000.00 |
| **Gold Patron** | |
| Matushri Sonbai Trikamji Virji Soni, Vanku - Wadala | 2,500.00 |
| AMVIGOR ORGANICS PRIVATE LIMITED | 2,500.00 |
| Shri KDO Jain Sarvoday Mandal, Mulund , Mumbai | 2,500.00 |
| Matushri Ratanbai Jethabhai Chheda, H: Pinakinbhai J. Chheda, Naliya - Mulund | 2,500.00 |
| Late Matushri Manbai Malshi Mota & Pitashri Malshi Kalyanji Mota ( H: Kalpnaben Raichand Mota, Kuvapadhar - Salem | 2,500.00 |
| Shri Rameshbhai ( Kunvarji ) Meghji Mota, Rapar Gadhvari - Mulund | 2,500.00 |
| Sanghmata Bhartiben Bhagchand Damji Jain Pariwar, (H:Jayesh Jain), Kothara, Mulund | 2,500.00 |
| Matushri Maniben Ramji Lodaya , Nani Khavdi , Sangli | 2,500.00 |
| Matushri Velbai Devji Khona, Arikhana, Ahmedabad | 2,000.00 |
| Shri Khirendra Govindji Lodaya ( H: Usha K. Lodaya) Naliya , Vadodara | 2,000.00 |
| Smt. Manorama Naresh B. Momaya ( H: Smt. AnaghaVikash Shah & Parag N. Shah) Naliya , Ghatkopar | 2,000.00 |
| Well Wisher | 1,000.00 |

| Silver Patron | |
|---|---|
| Well Wisher (Ek Sadharmik Parivaar) | 2,500.00 |
| Late Shrimati Hiravantiben Manilal Lodaya, Aarikhana - Dhulia, | 1,000.00 |
| Ek Sadgrahasth | 1,000.00 |
| Shrimati Nilamben Narendrabhai Lalka, (New York) | 1,000.00 |
| Sethshri Champshi Dhanji Dand ( Khamgamwala), H: Smt. Nilam Lalka (U.S.A) | 1,000.00 |
| Late Matushri Bayabai Jethabhai Punjabhai Lodaya (Sayra) H: Shailesh Jethalal Nagda (Varapadhar) | 1,000.00 |
| Shrimati Harsha Vipul Momaya | 1,000.00 |
| Matushri Navalben Dhanji Nagda, Naliya ( H: Kalpnaben Raichand Mota , Kuvapadhar - Salem) | 800.00 |
| **Individual Donors** | |
| Shrimati Alpaben Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shri Hans Bhawanji Khimji Charitable Trust, Bangalore | 5,000.00 |
| Shri Manojkumar Laxmichand Kurwa, Bayath - Kuwait | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 3,000.00 |
| Shrimati Geeta Harish Shah Lodaya, Sayra - Raipur | 3,000.00 |
| Matushri Taraben Hirji Nagda, Vadodara | 2,501.00 |
| Matushri Kantaben Anandji Khona, Gandhidham | 2,500.00 |
| Shri Virchand Padamshi Lodaya, Gandhidham | 2,500.00 |
| Matushri Ratanbai Khimji Lalka, Gandhidham | 2,500.00 |
| Matushri Vejbai Somchand Nagda, Gandhidham | 2,500.00 |
| Shri Mahesh Chatrabhuj Lodaya, Rapar - Bhuj | 2,500.00 |
| Matushri Rajbai Keshavji Velji Momaya, Varadiya - Mulund | 2,500.00 |
| Matushri Sonbai Damji Vikamshi, Anjar - Gandhidham | 2,500.00 |
| Shri Niranjan Narshi Lodaya, Anjar - Gandhidham | 2,500.00 |
| Shrimati Hiravantibai Shantilal Dand, Tera - Gandhidham | 2,500.00 |
| Shrimati Chandanben Hirachand Dand, Naliya - Gandhidham | 2,500.00 |
| Shri Jitesh Sharadchandra Momaya, Adipur - Gandhidham | 2,100.00 |
| Shri Mayur Javerchand Lodaya, Gandhidham | 1,000.00 |
| Shri Jayesh C. Nagda, Khamgaon | 1,000.00 |
| Shri Rajesh Muljibhai Meisheri, Gandhidham | 1,000.00 |
| Shri Bharat Narendra Momaya, Gandhidham | 1,000.00 |
| Shri Jayantilal Shamji Nagda, Gandhidham | 1,000.00 |
| Shri Jesal Chandrakant (Jain) Dand, Gandhidham | 1,000.00 |
| Shrimati Vijayaben Rajesh Laxmichand Lodaya, Gandhidham | 1,000.00 |
| Shri Arvind Lalji Lodaya, Gandhidham | 1,000.00 |
| Shrimati Jyotsna Vinod Dand, Gandhidham | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Shri Rohit Jivraj Poladia, Bayath - Badagara | 500.00 |
| Previous Balance Case No. 181 | 11,600.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

॥ નમો નમઃ શ્રી ગુરુ ગુણસાગરસૂરયે ॥ ॥ વર્ષીતપના પ્રણેતાશ્રી આદિનાથાય નમઃ ॥ ॥ અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી ચક્રેશ્વરી - શ્રી મહાકાલીદેવ્યૈ નમઃ ॥

॥ શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-કીર્તિ-દાન-નેમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસૂરીશ્વરેભ્યો નમઃ ॥

શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. પ્રેરિત

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘ

ગીતા સ્મૃતિ, ૭૦૬, શાંતિ હાઈટ્સ, શ્રી નારાણજી શામજીવાડીની સામે, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.), મુંબઈ- ૪૦૦ ૦૧૯.

દિવ્યકૃપા : રાષ્ટ્રસંત, શાસનસમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા
જિનશાસન શિરોમણી, તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા
આજ્ઞા-આશિષ : સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.



જિનશાસન શિરોમણી, તપચક્ર ચક્રવર્તિ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

## શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ની

## પાંચમી પુણ્યતિથિ નિમિત્તે

ભારતભરના અચલગચ્છીય શ્રી સંઘો-મહાજનોમાં

## સામુહિક અઠ્ઠમ તપનું ઉત્કૃષ્ટ આયોજન

: શુભ દિવસો :
સંવત ૨૦૮૧, શ્રાવણ સુદ ૪-૫-૬, સોમવાર, મંગળવાર, બુધવાર
તા. ૨૮-૭-૨૦૨૫, તા. ૨૯-૭-૨૦૨૫ અને તા. ૩૦-૭-૨૦૨૫
(શ્રાવણ સુદ ૫, માસધર - શ્રી નેમીનાથ ભગવાન જન્મ કલ્યાણક,
શ્રાવણ સુદ ૬, શ્રી નેમીનાથ ભગવાન દીક્ષા કલ્યાણક,
પ.પૂ.આ.ભ.શ્રી દાનસાગરસૂરીશ્વરજી મ.સા. તથા અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પુણ્યતિથિ)
નોંધ : આપનું વર્ષીતપ કે અન્ય તપસ્યા ચાલતી હોય અને સંજોગોવસાત
શ્રાવણ સુદ ૫/૬/૭ અઠ્ઠમ કરવી હશે તો કરી શકો છો.

ભારતભરના અચલગચ્છીય શ્રી સંઘો-મહાજનોને વિનંતી તપસ્વી ગુરુદેવની છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિના ઉપલક્ષમાં અઠ્ઠમતપ કરનાર તપસ્વીઓની નામાવલી આપના શ્રી સંઘના લેટરપેડ પર લખી તા. ૨૯-૭-૨૦૨૫ સુધી વોટ્સએપ નં. 70204 25835 પર મોકલી આપવા વિનંતી. આવેલ નામાવલી પ્રમાણે શ્રી સંઘોમાં પ્રભાવના મોકલી આપવામાં આવશે. તપસ્વીઓને વિનંતી આપ જે સંઘમાં આરાધના કરતા હો તે સંઘમાં નામ લખાવવા વિનંતી. ઉપરોક્ત નંબરે ફોન કરવો નહી.

સમગ્ર ભારતભરના અઠ્ઠમ તપસ્વીઓના પ્રભાવનાના લાભાર્થી

તપચક્ર ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના પરમ ઉપકારની સ્મૃતિમાં

## સંઘમાતા દમયંતીબેન મુરજી રતનશી ગડા પરિવાર



હ. પ્રપૌત્ર : વિરાંશ નેહલ વંદન ગડા
(નાના રતડીયા - મુલુંડ)



આપના સુકૃતની અંતરથી અનુમોદના

ગિરનાર મંડન શ્રી નેમિનાથ દાદાના જન્મ-દિક્ષા કલ્યાણક દિવસોમાં વ્હાલા તપસ્વી ગુરૂદેવના ચરણે એક અઠ્ઠમતપ ભેટણાંરૂપે ધરીએ, ચાતુર્માસ બિરાજમાન શ્રમણ-શ્રમણી ભગવંતો તથા શ્રી સંઘ-મહાજનના ટ્રસ્ટીઓ-અધિકારીઓ વધુમાં વધુ આરાધકોને અઠ્ઠમતપમાં જોડવવા પ્રેરણા કરશોજી.

લી. : શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ - માનદ્ મંત્રીઓ

|| નમો નમઃ શ્રી ગુણસાગરસૂરયે || || વરસીતપના પ્રણેતા શ્રી આદિનાથાય નમઃ || || અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી ચક્રેશ્વરી-મહાકાલીદેવ્યૈ નમઃ ||

|| શ્રી ગોયમ-સુહમ્મ-આર્ય-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવિ-વીર-મહોદયસાગર સૂરિભ્યો નમઃ ||


શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. પ્રેરિત

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘ

ગીતા સ્મૃતિ, ૭૦૬, શાંતિ હાઈટસ્, શ્રી નારાણજી શામજીવાડીની સામે,
ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.), મુંબઈ- ૪૦૦ ૦૧૯.

દિવ્યકૃપા : અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા

શુભઆશિષઃ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.




## રજત વર્ષીતપ પ્રસંગે

# વર્ષીતપ કરનાર તપસ્વીઓ

અજોડ શાસન પ્રભાવક પ.પૂ.આ.ભ.
શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના રજત વર્ષીતપ પ્રસંગે
ભારતભરમાં વિશાળ સંખ્યામાં અચલગચ્છીય આરાધકો જોડાયા છે.

## તપસ્વીઓના તપની અનુમોદના કરી શાતા પૂછીએ છીએ.

સવંત ૨૦૮૨, વૈશાખ વદ ૩, રવિવાર, તા. ૧૯-૪-૨૦૨૬ ના મુંબઈમાં
તપસ્વી ગુરૂરાજ સાથે વિશાળ સંખ્યામાં તપસ્વીઓ દીર્ઘતપના પારણા કરશે.
જેની તૈયારીઓ અત્યારથી જ ચાલુ થઈ ગયેલ છે.

**તપસ્વીઓને વિનંતી આપ આપનું નામ, મોબાઈલ નં., ગામ
આપ જે સંઘમાં આરાધના કરતા હો તે સંઘમાં આજે જ નોંધાવી દેવા વિનંતી.**

**અચલગચ્છીય સંઘો/મહાજનોને નમ્ર વિનંતિ.**

આપના શ્રી સંઘમાં જે તપસ્વીઓની વર્ષીતપની આરાધના ચાલતી હોય તે
તપસ્વીઓની નામાવલી આપના સંઘના લેટરપેડ ઉપર લખી તા. ૨૩-૭-૨૫ પહેલા
મો. 70204 25835 પર મોકલી આપી સહકાર આપવા નમ્ર વિનંતિ.

તા.ક. : જે સંઘમા ચાતુર્માસ નથી એવા સંઘોના તપસ્વીઓએ પણ
પોતાની વિગત ઉપરના નંબર પર વોટસઅપ કરી દેવા વિનંતી.

નોંધ : વર્ષીતપના પારણા એક જ સ્થાન પર થશે.

લિ. માનદ્ મંત્રીઓ

BINITA S. MARU - 9869034162

# Anumodana

| Sanjivani Case - 187 | | | | |
|---|---|---|---|---|
| Name: Mr. Sagar Hirachand Gosar | Phase - II | Age : 27 yrs. | Village: Varapadhar - Navi Mumbai | |
| Individual Donors | | | | |
| Well Wisher ... A Silent Donor | | | | 1,00,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# શ્રી ક.દ.ઓ.પશ્ચિમ એકમ દ્વારા બિઝનેસ ડિરેક્ટરી અને નેટવર્કિંગ પહેલ

શ્રી ક.દ.ઓ. પશ્ચિમ એકમ દ્વારા બિઝનેસ ડિરેક્ટરી અને નેટવર્કિંગ પહેલ કરવાના ધ્યેય સાથે જોડાઓ અને ક.દ.ઓ. જ્ઞાતિના વ્યવસાયિકો સાથે તમારો વ્યવસાય વધારો અને નેટવર્કિંગનો વિસ્તાર કરો. ચાલો સાથે મળીને વિકાસ કરીએ.

કેડીઓ KDO W Exclusive ખાતે KDO-TO-KDO નેટવર્કિંગ અને સપોર્ટ દ્વારા દરેક કેડીઓ સભ્યને તેમના વ્યવસાયને વિસ્તૃત કરવામાં મદદ કરવા માટે ક.દ.ઓ.પશ્ચિમ એકમ પ્રતિબધ્ધ છે. આ પહેલને આગળ વધારવા કેડીઓ બિઝનેસ ડિરેક્ટરી તૈયાર કરી રહ્યા છીએ.

ગુગલ ફોર્મ લિંક https://forms.gle/UBA6DJy8AMX3fRr7A પર ક્લિક કરી ગૂગલ ફોર્મમાં તમારો વ્યવસાયની વિગત ભરો.

આ ડિરેક્ટરી બધા ક.દ.ઓ. સભ્યોમાં સહયોગ, રેફરલ્સ અને વૃધ્ધિની તકોને પ્રોત્સાહન આપવા માટે પ્રસારિત કરવામાં આવશે. ગુજરાતના વાપીમાં યોજાયેલી પશ્ચિમ એકમની પ્રથમ કેડીઓ બિઝનેસ મીટની સફળતા બાદ ટૂંક સમયમાં એક ભૌતિક નેટવર્કિંગ મીટ અપનુ આયોજન પણ કરી રહ્યાં છીએ. આગામી બિઝનેસ મીટ મુંબઈમાં યોજાશે. તો જોડાયેલા રહો.

કૃપા કરીને તમારા સંપર્કમાં રહેલા બધા કેડીઓ મિત્રો, પરિવારના સભ્યો, સહયોગી ઉદ્યોગ સાહસિકોને પણ આ બાબતે જણાવો અને ફોર્મ ભરવા માટે કહો. વધુને વધુ એટ્રીઓનો અર્થ વધુ જોડાણો અને વધુ તકોનું સર્જન.

ચાલો સૌ સાથે મળીને એક મજબૂત કેડીઓ બિઝનેસ નેટવર્ક બનાવીએ અને વેપારમાં વધુને વધુ પ્રગતિ કરીએ.

ટીમ કેડીઓ બિઝનેસ નેટવર્ક (KBN)

વધુ વિગત માટે સંપર્ક ચંદ્રેશ નાગડા (વડોદરા) : ૯૯૦૯૦૯૯૨૫૦, મહેશ મોતા (સુરત) : ૯૮૩૩૮૬૫૮૫૬


## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.

## Anumodana

### Sanjivani Case - 188

**Name: Mr. Bipin Lalji Momaya** | **Age : 46 yrs.** | **Village: Jakhau - Dombivali**

| | |
|---|---|
| **Individual Donors** | |
| Well Wisher ... A Silent Donor | 95,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

## Anumodana

### Sanjivani Case - 189

**Name: Miss. Dhruvi Avinash Dand** | **Age : 21 Yrs.** | **Village: Manjal Reladia - Vadodara**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 20,000.00 |
| **Lifetime Patron / Sanstha** | |
| Shri DBKDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 2,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| **Gold Patron** | |
| Matushri Velbai Devji Khona, Arikhana, Ahmedabad | 1,500.00 |
| Shri Khirendra Govindji Lodaya ( H: Usha K. Lodaya) Naliya , Vadodara | 1,500.00 |
| Smt. Manorama Naresh B. Momaya ( H: Smt. AnaghaVikash Shah & Parag N. Shah) Naliya , Ghatkopar | 1,500.00 |
| Late Kum. Meetal Mahesh Lodaya ( H: Shri Mahesh Chatrabhuj Lodaya), Rapar Gadhwari, Ahmedabad | 1,500.00 |
| Shri Sushilbhai Laxmichand Shah, Manjal Reladia, Matunga, Mumbai | 1,500.00 |
| Late Smt. Jhamkuben Hemchandbhai Dharamshi ( H: Shri Dilip Kunverji Dand) Suthri, Ahmedabad | 1,500.00 |
| Shri KDO Jain Sarvoday Mandal, Mulund , Mumbai | 1,500.00 |
| Shri Manish Hirji Shah, Sujapur, Dadar | 1,500.00 |
| **General Sanjivani Patron** | |
| Shri Hitesh Laxmichand Soni | 400.00 |
| **Individual Donors** | |
| Well Wisher... A Silent Donor | 51,000.00 |
| Shrimati Alpaben Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shri Hans Bhawanji Khimji Charitable Trust, Bangalore | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 3,000.00 |
| Shrimati Geeta Harish Shah Lodaya, Sayra - Raipur | 2,000.00 |
| Shri H+anskumar Laxmichand Chheda, Sujapur - Bhandup | 2,000.00 |
| Shri Ravi Navin Shah | 1,100.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Sayera - Raichur | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamshi, Manjal - Deolali | 1,000.00 |
| Shri Amit Jethalal Khona, Dombivli | 500.00 |
| Shrimati Jagruti Patel | 500.00 |
| Shri Rohit Jivraj Poladia, Bayath - Badagara | 500.00 |
| Shri Shrikant Bankimchandra Shah (Lodaya), Raichur | 500.00 |
| Previous Case no. 188 Balance | 25,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જુલાઈથી સપ્ટેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.

| | |
|---|---|
| તા. ૨૦ જુલાઈ ૨૦૨૫ | શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ આયોજિત શ્રી વર્ધમાન શક્રસ્તવ મહાભિષેક સવારે ૯.00 ક. થી શ્રી અનંતધાથજી જિનાલય, મુંબઈ- ૯. |
| તા. ૩૧ જુલાઈ ૨૦૨૫ | ફોર્મ ભરવાની છેલ્લી તારીખ, શ્રી ક દ ઓ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ : નર્સરીથી ધો. ૧૦ ના વિદ્યાર્થીઓ માટે શાળા ફી તથા પુસ્તક સહાય. મો. ૮૬૫૭૬૩૭૩૨૦ |
| તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ, ડોમ્બિવલીના સ્થાપના દિવસ નિમિત્તે શ્રી મહાકાળી માતાજીની ભકિત અને AGM : મંડળના કાર્યાલયમાં. |
| તા. ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ-ડોમ્બિવલી આયોજિત આ વર્ષે નવી શૈક્ષણિક પદવી (ડીગ્રી) ઉપલબ્ધ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન. હોરીઝોન હોલ, ડોમ્બિવલી. મો. ૯૩૨૧૫૫૬૧૯૪ |
| તા. ૧૭ સપ્ટે.થી ૨૨ સપ્ટે. ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.મંડળ-ડોમ્બિવલી આયોજિત ચૈત્ય પરિપાટી-ઉત્તર ગુજરાતના તીર્થ. મો. ૯૮૩૩૧૪૬૦૪૭ |
| તા. ૧૭ સપ્ટે. થી ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. દેવલાલી નાસિક રોડ જૈન સંઘ આયોજિત ચેત્ય પરિપાટી મહારાષ્ટ્ર-ગુજરાતના ૯ તીર્થ. |
| તા.૯ નવેમ્બર ૨૦૨૫ | છેડા ગોત્ર પહેડી, સારસ્વત વાડી, મુલુંડ વેસ્ટ |

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**


# ભાવભીની શ્રદ્ધાંજલિ



**રમેશભાઈ લોડાયા**

તા.૧૬ જુલાઈ (ઉ.૫૫)

રાપર ગઢવાળી-ભાંડુપ



**ભાયચંદભાઈ દંડ**

તા.૧૬ જુલાઈ (ઉ.૭૬)

સેવક ભરૂડીયા-માટુંગા



**નવીનભાઈ સોની**

તા.૧૬ જુલાઈ (ઉ.૬૪)

જખૌ-અંજાર



**કુસુમબાઈ ગડા**

તા.૧૬ જુલાઈ (ઉ.૭૪)

ગોયરસમા-રાયચુર



**કિશોરભાઈ દંડ**

તા.૧૭ જુલાઈ (ઉ.૭૪)

સેવક ભરૂડીયા-મુંબઈ



**હીરાચંદભાઈ ડાઘા**

તા.૧૭ જુલાઈ (ઉ.૭૮)

વરાડીયા-મુલુંડ



**મધુરીબાઈ મહેશ્વરી**

તા.૧૭ જુલાઈ (ઉ.૮૦)

જખૌ-મલાડ



**લક્ષ્મીબાઈ દંડ**

તા.૧૯ જુલાઈ (ઉ.૮૮)

લાલા-મલકાપુર



**નવલબાઈ મોતા**

તા.૧૯ જુલાઈ (ઉ.૮૪)

લાલા-શેવગાંવ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● મુંબઈમાં વસઈ રોડ ખાતે રહેતા કચ્છી રાજગોર બ્રાહ્મણ મૂલચંદ શિવલાલ રાજગોર જૈન ધર્મમાં આસ્થા ધરાવે છે અને ઉગ્ર તપસ્યા કરે છે. કઠિન ગણાતા વરસીતપની આરાધના સળંગ ૧૧મી વાર તેઓ કરી જેના પારણા અખાત્રીજના ખાલસા કોલેજ ગ્રાઉન્ડ માટુંગામાં કરવા અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી કલાપ્રભસાગરજીની પ્રેરણાથી વર્ષી તપની આરાધના શરૂ કરી. તેઓ અત્યાર સુધી ૧૧ વરસીતપ, સળંગ ૧ સિધ્ધિ તપ, ૮ અઠ્ઠાઈ વરસીતપમાં સળંગ, ૧૩ ઉપવાસ એકવાર, ૧૫ ઉપવાસ મૌન એકાદશીના, ૧૮ ઉપવાસ, બકરી ઈદ નિમિત્તે ૧૦૦ આયંબિલ સળંગ, ૭૫ આયંબિલ છૂટક, ૧૫ પૌષધ, ૨૪૦ છઠ્ઠતપ અને ૮૨ અઠ્ઠમ કર્યા છે. રોજ સવારે રાઈ પ્રતિક્રમણ અને સાંજના દેવશીય પ્રતિક્રમણ કરે છે. તેઓ જીવદયા પ્રેમી છે દરરોજ ૬૦-૬૨ નાના મોટા શ્વાનને દૂધ, રોટલી, બિસ્કિટ નિયમિત ખવડાવે છે. ૧૧૫ થી વધુ શ્વાનની સારવાર કરાવી અબોલ જીવને નવું જીવન આપ્યું છે.

● અબડાસા તાલુકાના સેવાધામ રાતાતળાવ ખાતે આશાપુરા માતાજીના ૩૧મા પાટોત્સવ પ્રસંગે જામનગરના દાતા નીલેશભાઈ મંગેએ રૂ.૫૧ લાખ પાંજરાપોળને આધુનિક બનાવવા માટે અર્પણ કર્યા હતા. આધુનિક સાધનો સગવડોથી સજ્જ બનાવી આધુનિક પાંજરાપોળ બનાવવા તેમણે હાકલ કરી હતી. વર્ષ ૨૦૨૬માં સંસ્થાને ૫૦ વર્ષ પૂરા થતાં હોઈ સ્થાપક મનજીભાઈએ ભવ્ય ઉજવણી કાર્યક્રમોની તૈયારીમાં સંસ્થાના કાર્યકરો અત્યારથી લાગી ગયા હોવાનું જણાવ્યું હતું.

● મૂળ નલિયાની હાલે ભુજ રહેતી તથા સરકારી સ્કૂલ રાવલવાડી પંચાયતી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી બાળ કલાકાર જિયા ત્રિપાઠીની બે શોર્ટ ફિલ્મ 'સ્વપ્ન પેન્સિલ' અને 'ફૂલવાડી'નો પ્રીમિયર શો ભુજ ખાતે ટાઉન હોલમાં યોજાયો. બાલ કલાકારને પ્રોત્સાહન આપવા સાંસદ વિનોદભાઈ ચાવડા, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વીરચંદ સાથે સમાજના અગ્રણીઓ બન્ને શોર્ટ મૂવીના ડાયરેક્ટર રાજન ભટ્ટ, પ્રોડ્યુસર શૈલેશ ઠક્કર ઈત્યાદી હાજર રહ્યાં હતાં. જિયા ત્રિપાઠીની શાળાએ તેનું સન્માન કર્યું હતું.

● માંડવી ચેમ્બર ઓફ કોર્મસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સતત ૧૩મા વર્ષે જીવદયા પ્રોજેક્ટનો શુભારંભ કરાયો. આ પ્રોજેક્ટ અંતર્ગત ૧૦૦ દિવસ સુધી ૬૦ લાખ રૂા. જેટલી માતબર રકમના લીલાચારાનું નીરણ કરાશે. કચ્છની ૩૦ પાંજરાપોળ અને ૮ થી ૧૦ મહાજન વિહોણા ગામડાઓમાં તથા નારાયણ સરોવરથી રાપર તાલુકાના આડેસર સુધી મૂંગા પશુઓને ચારાનું નીરણ કરાશે.

● માંડવીના વેપારીઓને કનડતા પ્રશ્નો માટે સ્થાપાયેલી સંસ્થા માંડવી ચેમ્બર ઓફ કોર્મસ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જીવદયા ક્ષેત્રે ૧૨ વર્ષમાં ચોવીસ હજાર ગાયોને છ કરોડના લીલા ચારાનું નીરણ કરાયું છે. હાલના ઉનાળામાં ૧૦૦ દિવસ દરમ્યાન ૨૧ લાખ કિલો ૨૪ હજાર જેટલી પાંજરાપોળની ગાયો, વસૂકી ગયેલી, વૃધ્ધ ગાયો, બિન ઉપયોગી ભટકતા આખલા તથા વિવિધ દેવસ્થાનની ગાયોને લીલો ચારો નીરવાની માંડવી ચેમ્બરની ગણતરી છે.

● ભુજની જી.કે.જનરલ હોસ્પિટલમાં ગંભીર રીતે બીમાર નવજાત શિશુઓની સારવાર માટે શરૂ કરાયેલા રાજ્ય સ્તરના નવજાત ઘનિષ્ઠ સંભાળ યુનિટમાં એક સાથે ૩૭ થી વધુ નવજાતની સુશ્રુષા કરાશે. હોસ્પિટલમાં જન્મેલા કે બહારથી અહીં મોકલાવામાં આવેલા બાળકોની નિષ્ણાત તબીબો દ્વારા ચકાસણી બાદ બીમારીની ગંભીરતાના આધારે એનઆઈસીયુની જુદી જુદી સ્તરીય કક્ષામાં આવશ્યકતા મુજબ સારવાર કરાશે. આ વિભાગમાં સીપેપ મિકેનિકલ વેન્ટિલેટર, ઈન્ફ્યુઝન પંપ સિવાય જિલ્લાની એકમાત્ર માનવ મિલ્ક બેંક તૈયાર કરાશે. મિલ્ક બેંકમાં ધાત્રી માતાઓનું દૂધ એકત્રિત કરી જરૂરિયાતમંદ બાળકોને પૂરું પડાશે. દૂધ સાચવવા ડીપ ફ્રીઝર તથા પેશ્ચુરાઈઝડ તથા માઈક્રોબાયોલોજિકલ ચકાસણી દૂધની કરાશે જેથી બાળકોને ચેપ સ્પર્શે નહીં.

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

# Watch your savings grow, effortlessly.

FIXED DEPOSIT

720 Days

RATE OF INTEREST

*7.85% per annum

For General Public

*8.35% per annum

For Senior Citizens

★ STAMP FRANKING Now Available

*Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

Toll Free : 1800 221 984

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com

@ Arihant Bank